Date :- 13-12-2024
Gujarat Samachar, Page-03, Surat

# સુરત રેલવે સ્ટેશનને મલ્ટી મોડલ ટ્રાન્સપોર્ટ હબ બનાવવા ૨૫ ટકા કામગીરી પુર્ણ

(પ્રતિનિધિ દ્વારા) સુરત, ગુરૂવાર

સુરત સેન્ટ્રલ રેલવે સ્ટેશનને આંતરરાષ્ટ્રીય એરપોર્ટ સમાન બનાવવા અને મુસાફરોને વિશ્વસ્તરીય સુવિધાઓ આપવા માટે રિડેવલપ કરવામાં આવી રહ્યું છે. અહીં રેલ્વે, એસ.ટી. બસ, મેટ્રો રેલ તથા BRTS- સુરત સિટી બસસેવાની તમામ ટ્રાન્સપોર્ટેશનની સુવિધા એક છત્ર નીચે ઉપલબ્ધ બને એવા હેતુથી MMTH (મલ્ટી મોડલ ટ્રાન્સપોર્ટ હબ) પ્રોજેક્ટ રાજ્ય સરકાર, રેલ્વે વિભાગ અને સુરત મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવ્યો છે. પ્રોજેક્ટની ૨૫ ટકા કામગીરી પુર્ણ થઇ ચુકી છે.

## પ્લેટફોર્મ નં.૪નું કાર્ય પૂર્ણ : આગામી દિવસોમાં પ્લેટફોર્મ નં. ૨, ૩નું કામ શરૂ કરી ૯૮ દિવસમાં પૂર્ણ કરાશે: ૨૦૨૬માં MMTH સંપુર્ણ તૈયાર થશે

આ પ્રોજેક્ટમાં રેલ્વે મંત્રાલય ૬૩ ટકા, રાજ્ય સરકાર ૨૪ ટકા અને સુરત મહાનગરપાલિકા ૩ ટકા ખર્ચ વહન કરી રહી છે.વેસ્ટર્ન રેલવેના ચીફ પીઆરઓ વિનીત અભિષેકે કહ્યું કે, MMTH પ્રોજેક્ટ અંતર્ગત ૬૨,૧૨૯ ચોરસ મીટર જમીન પર ઈસ્ટ સ્ટેશન બિલ્ડીંગ, ૨૬,૨૯૭ ચોરસ મીટર જમીન પર વેસ્ટ સ્ટેશન બિલ્ડીંગ, ૩૩,૧૮૮ ચોરસ મીટર જમીન પર એસ.ટી. (GSRTC) બસ સ્ટેશન અને ૫.૫૦ કિમી લાંબા એલિવેટેડ કોરિડોરનું કામ પ્રગતિમાં છે, એલિવેટેડ કોરિડોર સુગમ વાહનવ્યવહારની કનેક્ટિવિટી માટે ઈસ્ટ, વેસ્ટ બિલ્ડીંગ અને આસપાસના ફ્લાયઓવર્સને જોડશે.

સુરત રેલવે સ્ટેશનમાં વધુ સારી કનેક્ટિવિટી, મલ્ટી-મોડલ ટ્રાન્સપોર્ટ ઈન્ટિગ્રેશન અને રિટેલ અને રિયલ એસ્ટેટને વેગ મળવા સાથે રોજગારીની વિપુલ તકો પણ ઉભી થશે. સ્ટેશન આસપાસ ટ્રાફિકની સમસ્યા ભૂતકાળ બનશે. વર્ષ ૨૦૨૬ ના અંત સુધીમાં સુરત રેલ્વે સ્ટેશનને મલ્ટી-મોડલ ટ્રાન્સપોર્ટ હબ (MMTH)ના રૂપમાં પૂર્ણ કરવાની દિશામાં રેલ્વે તંત્ર કાર્યરત છે. MMTH પ્રોજેક્ટના ભાગરૂપે પ્લેટફોર્મ નં.૪નું કાર્ય પૂર્ણ કરી રેલ્વે બોર્ડને પૂર્વવત રેલ પરિવહન માટે સોંપી દેવામાં આવ્યું છે, જ્યારે આગામી દિવસોમાં રેલવે તંત્ર દ્વારા બ્લોક મળ્યેથી પ્લેટફોર્મ નં.૨ અને ૩નું કામ શરૂ કરી ૯૮ દિવસમાં પૂર્ણ કરાશે.